ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૨૭.૮ ડીગ્રી
લઘુતમ : ૧૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૬ ટકા ● સાંજે ૪૦ ટકા

ગાંધીનગર તાપમાન

# જીએસટીને પગલે પતંગના ભાવમાં ભડકો

ગાંધીનગર, તા.૧૨

ઉતરાયણ પર્વનો હવે ગણતરીના કલાકો બાકી રહ્યા છે, તેમ છતા શહેરના પતંગ બજારોમાં ઘરાકી ના રહેતા વેપારીઓમાં નિરાશા વ્યાપી જવા પામી છે. શહેરના સેકટર-૨૧, ૨૨, ૨૪, અને ૬ ના બજારો ખાલીખમ જોવા મળે છે. એક કોડી પતંગના રૂ.૮૦ થી ૧૭૦ થી છે. જયારે દોરીના ભાવમાં પણ એક હજાર વારના ૧૫૦થી ૧૭૦ જેટલો ભાવ છે. ત્યારે જીએસટીના લીધે થયેલા ભાવ વધારાએ ગ્રાહકો અને વેપારીઓની કમર તોડી નાંખી છે. ત્યારે શનિવારની ઘરાકી પર મદાર રાખીને વેપારીઓ બેસી રહ્યા છે.

ઉતરાયણના તહેવારને પગલે શહેરના સેકટરોમાં ૧૫૦ થી વધુ પતંગ-દોરીના સ્ટોલ લાગી ચુક્યા છે. સેકટર-૨૧, ૨૨, ૨૪ અને ૬ માં તંત્ર દ્વારા સ્ટોલ નિયત કરાયા છે. બજારમાં પતંગ-દોરીની સાથે નાના બાળકો માટે ટોપી, બ્યુગલ, ચશ્મા, માસ્ક, ડોકટર પટ્ટી, સહિતની ચીજવસ્તુઓ વેચાણમાં આવી ગઈ છે. પરંતુ બજારમાં છેલ્લા દિવસો પણ જોઈએ તેટલો વેપાર નથી.

દિવસ દરમિયાન વેપારીઓ ગ્રાહકોની રાહ જોઈને બેઠા હોય તેવો માહોલ સર્જાયો હતો. દોરી રંગવા માટે પણ લાંબી લાઈનોની જગ્યાએ ચરખા ખાલીખમ લાગતા હતા. બજારમાં ભીડના સ્થાને માત્ર ગણ્યાગાંઠ્યા જ ગ્રાહકો નજરે પડતા લાખો રૂપીયાનો માલ લઈને બેઠેલા વેપારીઓ પણ ચિંતાતુર બન્યા છે. શહેરમાં ઉતરાયણ પર્વનો ક્રેઝ ઘટયો છે કે ભાવ વધવાને પગલે ગ્રાહકો બજારમાં ઓછા જોવા મળી રહ્યા છે. ત્યારે રવિવારના રોજ ઉતરાયણ હોવાથી અનો કર્મચારીઓને શનિવારની રજાને પગલે રાત દિવસ બજારો ધમધમશે. પતંગ અને દોરી સહિતની ચીજવસ્તુઓને જીએસટીનું ગ્રહણ લાગ્યું હોવાનું બજારમાં સ્પષ્ટ પણ દેખાઈ આવે છે. તો બીજી તરફ ઉંધીયાના વેચાણઅર્થે મોડી સાંજે સર્કલોની ફુટપાથ પર મંડપ બાંધીને વેપારીઓ ઉંધીયું-જલેબીના વેચાણ માટે સજ્જ બની ગયા છે. ત્યારે શહેરના પતંગ બજારમાં ગ્રાહકો ના રહેતા વેપારીઓમાં નિરાશા વ્યાપી ગઈ છે તો ઉંધીયા બજારમાં કેવું રહેશે તે જોવું રહ્યું.



## @ગાંધીનગર

● સાહિત્યસભા ગાંધીનગર દ્વારા માસિક બેઠક સાંજે ૪ થી ૬ કલાક દરમિયાન સ્વામિનારાયણ ગુરુકુળ સે-૨૩ ખાતે મળશે.

● દિપક પંડયા રચિત કવિતા સંગ્રહ અભિપ્સાનું વિમોચન અરવિંદ કેન્દ્ર ખાતે સાંજે ૬ કલાકે કરાશે.

## લક્ષ્મી બાલાજીની સ્કીમો મુકી લાખોનો ચુનો લગાડનાર ઝડપાયો

### છેતરપીંડીના ગુનામાં વોન્ટેડ કિશોર મહેરચંદાણીને એલસીબીએ પકડી પાડયો

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર જિલ્લાના વિવિધ વિસ્તારોમાં લક્ષ્મી બાલાજીના નામની ફલેટો સહિતની સ્કીમો મુકી સંખ્યાબંધ ગ્રાહકો સાથે લાખો રૂપિયાની છેતરપીંડી આચરી કિશોર મહેરચંદાણી નામનો શખ્સ નાસતો ફરતો હતો. અડાલજ, કલોલ અને માણસા પોલિસ સ્ટેશનના ગુનામાં વોન્ટેડ આ શખ્સ કોટેશ્વર રોડ પર સંગાથ નેનો સ્કીમમાં મકાન નં બી-૫૦૧ ખાતેથી ઝડપાઈ ગયો છે. એલસીબીની ટીમે તેની ધરપકડ કરી લઈ ઊંડાણપૂર્વક પુછપરછ શરુ કરી છે.



## સરગાસણ પાસેથી ચોરીના બાઈક સાથે બે ઝડપાયા

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર એલસીબીની ટીમે સરગાસણ ચોકડી પાસેથી ચોરીના બાઈક સાથે બે શખ્સોને પકડી પાડી તેમની સઘન પુછપરછ કરતા ચોંકાવનારી વિગતો બહાર આવી છે. કુડાસણ ખાતેની સનસાઈન ફલેટ-૨માંથી ચોરી થયેલા આ બાઈક પાછળ તે જ ફલેટના સિકયુરીટી ગાર્ડની સંડોવણી ખુલવા પામી છે. એલસીબીની ટીમે સિકયુરીટી ગાર્ડ અને બાઈક ચોરીમાં સંડોવાયેલા તેના મિત્ર મળીને બંનેની ધરપકડ કરી ચોરીનું બાઈક રીકવર કરી વધુ પુછપરછ શરુ કરી છે. એલસીબી પી.આઈ જે.ડી. પુરોહીતની ટીમ આજે પેટ્રોલીંગમાં હતી ત્યારે હેડ કોન્સ્ટેબલ જયવિરસિંહને બાતમી મળી હતી કે ચોરીનું બાઈક લઈને બે શખ્સો સરગાસણ ચોકડીથી સરગાસણ ગામ તરફના એપ્રોચ રોડ પરથી પસાર થાય છે. જેને આધારે ત્યાંથી બંને શખ્સોને જીજે ૦૧ એન.જે. ૬૬૨૪ નંબરના યામાહા એસ ઝેડ બાઈક સાથે પકડી પાડયા હતા. વાવોલના જીતેન્દ્રસિંહ હરદેવસિંહ ચુડાસમા અને મગોડીના દશરથ રમેશજી ઠાકોર બંનેની ચોરીના બાઈક સાથે ધરપકડ કરી પુછપરછ કરતા પોલિસ પણ ચોંકી ગઈ હતી. સિકયુરીટી ગાર્ડે જ ફલેટમાંથી બાઈક ચોરાવ્યું હતું. એકાદ માસ પહેલા દશરથ ઠાકોર કુડાસણની સનસાઈન ફલેટ-૨માં સિકયુરીટીમાં નોકરી કરતો હતો તેના પાર્કિંગમાં એક બાઈક પડયું હતું. જેમાં દશરથે પોતાના બાઈકની ચાવી નાંખી તો બાઈકનું લોક ખુલી ગયુંહતું. દશરથેતેના મિત્ર જીતેન્દ્ર ચુડાસમાને બોલાવી બંને શખ્સોએ મળીને આ બાઈક ચોરી લીધું હતું. ત્યાર બાદ જીતેન્દ્રએ પોતાના પિતાના બાઈકના નંબર જેવી બીજી નંબર પ્લેટ બનાવડાવી પોતે આ બાઈક ફેરવતો હતો.



## ફોન પર વાત કરતી યુવતીનો મોબાઈલ લુંટી જનાર પકડાયો

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર નજીક રીલાયન્સ ચોકડી પાસેથી ત્રણેક માસ પહેલા એક યુવતી ચાલતા-ચાલતા ફોન પર વાત કરતી જતી હતી ત્યારે તેને ટાર્ગેટ બનાવી ચાલુ વાતે મોબાઈલ ઝુંટવીને લુંટ કરી ગઠીયો ફરાર થઈ ગયો હતો. ગાંધીનગર એલસીબીની ટીમે બાતમીને આધારે રાયસણ પેટ્રોલ પંપ નજીકથી અમદાવાદ કુબેરનગર વિસ્તારના શખ્સે ભાવેશ રમેશ થાવાણીને એકટીવા સાથે પકડી પાડયો હતો તેની પાસેથી એક મોબાઈલ મળી આવ્યો હતો. તે અંગે પુછતાછ કરતા તેણે ત્રણેક માસ પહેલા અન્ય બે સાગરીતો સાથે મળીને રીલાયન્સ ચોકડી પાસેથી આ મોબાઈલની લુંટ કરી હતી. મળતી માહિતી મુજબ આ પકડાયેલા શખ્સ સામે સરદારનગર પોલિસ સ્ટેશનમાં બાઈક ચોરી, ઘરફોડ ચોરી, મારામારી, બળાત્કાર સહિત પાંચેક જેવા ગુનાઓ નોંધાયેલા છે.



## આજે પ્રેરણા પ્રગતિ મંડળ દ્વારા શોકસભા યોજાશે

ગાંધીનગર, તા.૧૨

શ્રી પ્રેરણા પ્રગતિ મંડળ (ગુજરાત નાયી-વાળંદ સમાજ) ગાંધીનગર દ્વારા શ્રી લિમ્બચ માતાજીના મંદિરના મુખ્યદાતા તથા સમાજના ભામાશા એવા સ્વ. શ્રી મણીભાઈ શંભુભાઈ લિમ્બાચીયાનું લંડનમાં અવસાન થવાથી તથા આ સંસ્થાના ટ્રસ્ટી શ્રી બળદેવભાઈ કનીજિયાના અવસાન નિમિત્તે તેમજ સ્વ. શ્રી જયંતિલાલ કેશવલાલના લંડન ખાતે અવસાન થતાં ત્રણેય સ્વર્ગસ્થની શોકસભા તા. ૧૩મી જાન્યુઆરીના રોજ સવારે નવ થી બાર કલાક દરમિયાન શ્રી લિમ્બચધામ સેકટર-૧૩ ખાતે યોજાશે. તો જ્ઞાતિજનોને હાજર રહેવા પ્રમુખ આત્મારામભાઈ એમ. વાળંદે જણાવ્યું છે.

## ચિરવિદાય

- સ્વ. કનુભાઈ જેસંગભાઈ વાઘેલા, ઉ.વ. ૨૬
- સ્વ. ઠાકોર સોનલ દયાભાઈ, ઉ.વ. ૧૧
- સ્વ. કમુબેન હિરાભાઈ કમસુરીયા, ઉ.વ. ૭૫
- સ્વ. હર્ષદભાઈ મુળજીભાઈ બ્રહ્મભટ્ટ, ઉ.વ. ૬૩
- સ્વ. મંગુબેન શકરાભાઈ પટેલ, ઉ.વ. ૬૫
- સ્વ. જયંતિલાલ છગનલાલ શાહ, ઉ.વ. ૮૯
- સ્વ. શણગારબા સેંધાજી વાઘેલા, ઉ.વ. ૮૫
- સ્વ. સુથાર નટવરલાલ ગાંડાભાઈ, ઉ.વ. ૬૪






સંસ્કૃતિ સંસ્થા, ગાંધીનગર અને ઈમેજ પબ્લિકેશન, મુંબઈના સંયુક્ત ઉપક્રમે 'મારૂ શહેર' નામના પુસ્તકનું વિમોચન ટાઉનહોલ ખાતે સોમવારે કરાયું હતું. આ પ્રસંગે રતિલાલ બોરીસાગરે આ પુસ્તક પર હળવી શૈલીનું રસપ્રદ પ્રવચન આપ્યું હતું. તથા ખલિલ ધનતેજવીએ રસાળશૈલીમાં પોતાની ગુજરાતી અને ઉર્દૂ ગઝલોનું પઠન કર્યુ હતુ. આ પ્રસંગે સર્વ ઉત્પલ ભાયાણી, કવિ હિતેન આનંદપરા, સંસ્કૃતિના પ્રમુખ રમેશ પટેલ, ભિખેશ ભટ્ટ, ડંકેશ ઓઝા, ભરત કવિ, દોલત ભટ્ટ, કનૈયાલાલ ભટ્ટ સહિતના અગ્રણી સાહિત્યકારો હાજર રહ્યાં હતા. આ પ્રસંગે પુસ્તકના લેખો ઉપર આધારિત નાટ્ય કૃતિઓનું મંચન પણ કરાયું હતું જેને ઉપસ્થિત શ્રોતાઓએ મનભરીને માણ્યુ હતું.

## સે-૮માં નિઃશુલ્ક મોબાઈલ વાન ફિઝીયોથેરાપી કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૧૨

સીએમ પટેલ કોલેજ ઓફ ફિઝીયોથેરાપી દ્વારા તબીબી અધિકારી, સેકટર-૮ના સૌજન્યથી નિઃશુલ્ક મોબાઈલ વાન ફિઝીયોથેરાપી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી તા. ૧૬ થી ૧૯ જાન્યુઆરી દરમિયાન સવારે ૯ થી ૧ સુધી ગોકુલ સોસાયટી, સેકટર-૮ ખાતે આ કેમ્પ યોજાશે.


આ કેમ્પમાં વા, કમરનો દુઃખાવો, ખભા, ગરદન, ઘુંટણ, સાંધાના દુઃખાવા, ઘુંટીનો દુઃખાવો, ફેકચર પછીની સારવાર, હાથ-પગ મોઢાનો લકવો, બાળ લકવો, મંદ બુધ્ધિના બાળકોની સારવાર, મણકાનો ઘસારો, સાયટીકા તથા વિવિધ ઈન્જરીનું નિદાન કરી નિષ્ણાત અને અનુભવી તજજ્ઞોની ટીમ દ્વારા સારવાર અપાશે.

# ગાંધીનગરમાં રાષ્ટ્રીય યુવા દિનની જોશભેર ઉજવણી

ગાંધીનગર, તા.૧૨

આજે શહેરમાં સ્વામી વિવેકાનંદ જન્મજયંતિ નિમિત્તે વિવિધ શૈક્ષણિક તથા સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા 'રાષ્ટ્રીય યુવા દિન'ની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં વકતૃત્વ સ્પર્ધા, બાઈક રેલી, સ્વચ્છતા અભિયાન, ચિત્ર સ્પર્ધા તથા જરૂરિયાતમંદોને નાસ્તાનું વિતરણ જેવા કાર્યક્રમો યોજાયા હતા.

**● શ્રી સ્વામિનારાયણ પોલિટેકનિક, સે-૨૨**



સે-૨૨ની શ્રી સ્વામિનારાયણ પોલિટેકનિક ખાતે સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિએ તેમના જીવન પ્રસંગો પર સંવાદ યોજવામાં આવ્યો હતો. આ સાથે વિદ્યાર્થીઓએ સ્વામીજીના ચિત્રોની પેન્સિલ આર્ટ દ્વારા પેપર પર અદભૂત રચનાઓ દોરી હતી તેમજ સ્વામીજીએ આપેલા જીવન જીવવાના અમુલ્ય સુત્રોને પોસ્ટર પર વિવિધ આર્ટ વડે પ્રદર્શિત કર્યા હતા. આ પ્રસંગે 'સ્વામી-યુવા પથદર્શક' કવીઝ યોજાઈ હતી. કાર્યક્રમમાં આચાર્ય ધર્મેશ વંડરાએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું.

**● જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય, સે-૭**



સે-૭માં ચૌધરી કન્યા વિદ્યાલય ખાતે સ્વામી વિવેકાનંદના જીવન ચરિત્ર વિષયે એક વિદ્યાર્થીનીનું વકતવ્ય યોજાયું હતું. તથા એનએસએસની બાળાઓએ સફાઈ અભિયાન હાથ ધરી શાળા સંકુલમાંથી બિન જરૂરી કચરો દૂર કર્યો હતો. આ દરમિયાન ધો-૯ થી ૧૨ની બાળાઓને 'વન્ડર વિંગ' દ્વારા શરીરની કાળજી તેમજ સ્વચ્છતા અંગે માર્ગદર્શન આપ્યું હતું.

**● સ્વામી વિવેકાનંદ પબ્લિક સ્કૂલ, સે-૨૪**

રાષ્ટ્રીય યુવા દિન નિમિત્તે સે-૨૪ની સ્વામી વિવેકાનંદ સ્કૂલમાં 'રમતગમત દિન' ઉજવાયો હતો. તથા નશાબંધી સંસ્કારનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. અત્રે યોજાયેલી રમતોમાં સે-૨૪ના ખેલાડીઓએ




૨૮ રમતોમાં ભાગ લીધો હતો. આ પ્રસંગે સ્થાનિક અગ્રણીઓ કેતન પટેલ, કનુભાઈ દરજી, પંકજભાઈ શુકલ તા કોર્પોરેટર ધીરુભાઈ ડોડિયા ઉપસ્થિત રહ્યા હતા.

**● અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ**

એબીવીપી દ્વારા સે-૧૫માં સરકારી વિજ્ઞાન કોલેજ થી ગ-૨ સર્કલ સુધીની બાઈક રેલીનું આયોજન રાષ્ટ્રીય યુવા દિનની ઉજવણી નિમિત્તે કરવામાં આવ્યું હતું. જમાં મોટી સંખ્યામાં યુવાનોએ ભાગ લીધો હતો. આ બાઈક રેલી ઉપરાંત શહેરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય તથા સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત વગેરે યુનિવર્સિટી ખાતે સ્વામી વિવેકાનંદની પ્રતિમાને પુષ્પાંજલિનો કાર્યક્રમ પણ એબીવીપી દ્વારા યોજવામાં આવ્યો હતો. આ સાથે એબીવીપી દ્વારા યુવાનોને 'તમાકુ મુકત ગાંધીનગર' માટે હાકલ કરવામાં આવી હતી.

**● શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી, ભાટ**

ગાંધીનગર પાસેના ભાટ ખાતેની સ્વામિનારાયણ ઈન્સ્ટિટયુટ ખાતે વિદ્યાર્થીઓ તથા સ્ટાફ દ્વારા 'હમ સે હૈ નઈ શરૂઆત' નામના કાર્યક્રમના



આયોજન થકી રાષ્ટ્રીય યુવા દિનની ઉજવણી કરી હતી. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ વિવિધ કૃતિઓ રજુ કરવા સાથે સ્વચ્છતા અભિયાન હાથ ધર્યું હતું તેમજ 'આજના યુવાનોનું કર્તવ્ય' વિષયે સેમિનાર યોજવામાં આવ્યો હતો.

**● એચ.એમ. સાર્વજનિક હાઈસ્કૂલ, સોજા**

ગાંધીનગર જિલ્લાના સોજા ખાતેની એચ.એમ. હાઈસ્કૂલમાં રાષ્ટ્રીય યુવા દિન નિમિત્તે વકતૃત્વ સ્પર્ધા ઉપરાંત સ્વામી વિવેકાનંદના જીવન ચરિત્ર



આધારિત પુસ્તકોનું નિદર્શન-પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. વકતૃત્વ સ્પર્ધામાં પૂર્વ પ્રાથમિકથી માંડી ઉચ્ચતર માધ્યમિક સુધીના બાળકોએ ભાગ લીધો હતો. પુસ્તક નિદર્શન-પ્રદર્શનમાં ગ્રંથપાલ કિશોરભાઈ દાવડાના માર્ગદર્શન હેઠળ જીવનોપયોગી પુસ્તકોનો સમાવેશ કરાયો હતો.

**● હેપ્પી યુથ કલબ-હમ ગૃપ-ગાંધીનગર**

શહેરની યુવા સ્વૈચ્છિક સંસ્થાઓ હેપ્પી યુથ કલબ તથા હમ ગૃપના સંયુકત ઉપક્રમે રાષ્ટ્રીય યુવા દિન નિમિત્તે સે-૧૧ની સેવા વસ્તીમાં જરૂરિયાતમંદ વર્ગના બાળકોને તથા વડીલોને ગરમાગરમ બટાકાપૌંઆના નાસ્તાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે હેપ્પી યુથ કલબના પ્રોજેકટ કો ઓર્ડિનેટર વિજયસિંહ માજીરાણા તથા વિજયભાઈ ભીલ તેમજ હમ ગૃપના સભ્યોએ સેવાઓ આપી હતી.



**● એમ.ડી.શાહ પ્રા. શાળા, વાવોલ**

વાવોલની એમ.ડી. શાહ પ્રાથમિક શાળા ખાતે આજે રાષ્ટ્રીય યુવા દિન નિમિત્તે શાળાના ધોરણઃ૮ના વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરોલ વિજ્ઞાન વિષયક પ્રોજેકટસનું નિદર્શન યોજવામાં આવ્યું હતું. આ નિદર્શનમાં વિદ્યાર્થીઓએ, પવનચક્કી, ઈલેકટ્રીક બોટ, કૂલર,



રોબોટ, ડોર એલાર્મ સિસ્ટમ, સિકયુરિટી સિસ્ટમ, ફાયર એલાર્મ સિસ્ટમ, ચોકલેટ વેન્ડિંગ મશીન જેવા વિવિધ પ્રોજેકટસ તૈયાર કરી તેનું લાઈવ નિદર્શન કર્યું હતું. આ નિદર્શનમાં આર.એન. પટેલ પ્રા. શાળાના વિજ્ઞાન શિક્ષક અશોકભાઈ દ્વારા નિર્ણાયક તરીકેની સેવાઓ આપવામાં આવી હતી.

**● હેપ્પી-ટુ-હેલ્પ ફાઉન્ડેશન**

ગાંધીનગર પાસેના લેકાવાડાની સરકારી પ્રાથમિક શાળામાં હેપ્પી-ટુ-હેલ્પ ફાઉન્ડેશન દ્વારા સ્વામી વિવેકાનંદના જીવન આધારિત વકતૃત્વ સ્પર્ધાનું



આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગુજરાત મેરી ટાઈમ બોર્ડના અધિકારી આશિષ મિશ્રા ઉપસ્થિત રહ્યા હતા. આ વકતૃત્વ સ્પર્ધામાં અનુજ ગુપ્તાએ પ્રથમ નંદીની દંતાણીએ દ્વિતિય, કૌશિક રાવલ તૃતીય તથા શ્રવણ વાઘેલાએ ચતુર્થ ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો.